## શરતો :-

૧. સદર ભાવો મંજુર કર્યાની તારીખથી એક વર્ષ સુધી માન્ય રહેશે.

૨. ઉપરોક્ત ભાવો પ્રમાણે ફક્ત તાત્કાલિક ધોરણે હાથ ધરવાના થતા કામો જ કરાવવાના રહેશે.

૩. કોઈપણ કામ કરતા પહેલા વિભાગીય કચેરીએથી પેરૂઝલ મેળવવાની રહેશે. અને તે પ્રમાણે અંદાજો બનાવી તાત્રિક મંજુરી મેળવવાની રહેશે. ત્યારબાદ જ કામગીરી કરાવવાની રહેશે.

૪. સદરહુ મંજુર ભાવોથી કરવાના થતા કામો માટે ગ્રાન્ટની માર્યદા ધ્યાને લઈ કામગીરી કરાવવાની રહેશે.

૫. સદરહુ મંજુર ભાવોથી કરવાના થતા કામોમાં કોઈપણ જાતનો વધારો કરવાનો રહેશે નહી.

૬. સદરહુ મજુર ભાવોથી કરવાની થતી કામગીરીના ચુકવણા માટે કોઈપણ જાતની રજુઆતો કરવાની રહેશે નહી. સરકારશ્રીમાંથી ગ્રાન્ટ ફાળવવામાં આવશે તે મુજબ ચુકવણા કરવામાં આવશે.

૭. સદરહુ મંજુર થયેલ ભાવો પ્રમાણે ખાતાને જરૂરી જણાય ત્યારે કોઈપણ રજીસ્ટર્ડ ઠેકેદારશ્રી પાસેથી સહમતી મેળવીને કામગીરી આપી શકાશે. જે માટે ભાવ ભરેલ ઠેકેદારશ્રી તરફથી કોઈ પણ હકકદાવો અથવા રજુઆત ધ્યાનમાં લેવામાં આવશે નહિં જે બંધનકર્તા રહેશે.

૮. મંજુર કરવામાં આવેલ ભાવ બાબતે કામની જરૂરીયાત મુજબ ઠેકેદારશ્રીએ પેટા વિભાગીય કચેરીએથી જરૂરી ટેન્ડર ફોર્મમા કરારખત કરવાનું રહેશે. તેમજ સદર કરારખતના નિયમો તથા શરતો ઠેકેદારશ્રીને બંધનકર્તા રહેશે.

૯. સદરહુ મંજુર ભાવોથી કરવાના થતા કામો સમયમર્યાદામાં પૂર્ણ કરવાના રહેશે. સમયમર્યાદામાં કામ પૂર્ણ કરવામાં નહી આવે તો ટેન્ડર મુજબ પેનલ્ટી વસુલવામાં આવશે.

૧૦. ઉપરોકત કામગીરી માટે સરકારશ્રીના ઠરાવ ક્રમાક: પીડબલ્યુ/૧૦૨૦૦૭/૧ (પાર્ટ-૧) સી તા.૧૨/૦૭/૨૦૧૧ માં નાણાકીય જોગવાઈ મુજબ જ કામગીરી કરાવવાની રહેશે.

૧૧. મજુર થયેલ ભાવો પ્રમાણે કરવાની થતી કામગીરીમા કોઈપણ જાતનો ભાવ વધારો મળવાપાત્ર નથી.

૧૨. ઉપયોગ થનાર મશીનરીનો વીમો તથા ચલાવનાર ડ્રાઈવર પાસે ડ્રાઈવીંગ લાઈસન્સ હોવુ ફરજીયાત છે.

૧૩. ઉપયોગ થનાર મશીનરીની આર.સી. બુક તથા પીયુસી સાથે રાખવાની રહેશે.

૧૪. ઉપરોક્ત શરતો ૧ થી ૧૩ મે વાચી અને સમજી જે અમને બંધનકર્તા રહેશે.